ધનસુરાની મધુવન સોસાયટીમાં ૧૧ તોલા સોનું અને ૩૦ હજાર રોકડા સહિત ૪ લાખની ચોરી

ધનસુરા, તા. ૨૫

ધનસુરા ની મધુવન સોસાયટી માં રહેતા મૌલિકકુમાર રમણભાઈ શર્મા ના ઘરનું તાળું તોડી તસ્કરો એ સોનાની વિંટીઓ,સોનાનો દોરો સહિત ૧૧ તોલા જેની કિંમત આશરે ૩,૫૦,૦૦૦ ના સોનાની ચોરી કરી હતી. આ સાથે ૬૦૦ ગ્રામ ચાંદી ના દાગીના જેની કિંમત આશરે ૨૦,૦૦૦ ની ચોરી કરી હતી.સાથે ૩૦,૦૦૦ રોકડા સહિત ચાર લાખ ની કિંમત ના સામાનની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.તારીખ-૨૪-૧૨-૨૦૧૯ ના રોજ આ ઘરનો પરિવાર જરુરી કામે બપોરે ૩:૩૦ વાગે બહાર ગયેલ હતો જે સાંજે ૯:૧૫ વાગ્યા ની આસપાસ પરત આવ્યા હતા એ સમય દરમિયાન તસ્કરો એ ઘરમાંથી આ સામાન ની ચોરી કરી હતી.તસ્કરો ચોરી કરી અંતિસરા ગામ પાસે જરુરી સામાન કાઢી અન્ય સામાન ત્યાં ફેકી ફરાર થઈ ગયા હતા.મધુવન સોસાયટી માં રહેતા આ પરિવાર ના દાગીના અને મૂડી ની ચોરી થઈ હતી જેનાથી પરિવાર પર આભ ફાટ્યું હતું.છેલ્લા કેટલાક સમયથી ધનસુરા માં તસ્કરો નો ત્રાસ વધી ગયો છે.આ ઘટના બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરુ કરી હતી.

પ્રાંતિજ ખાતે નાતાલની ઉજવણી કરાઈ

૧૨ વાગ્યે ઈશુ જન્મ લોકોએ પ્રવેર કરી : એકબીજાને ક્રિસમસની શુભેચ્છાઓ પાઠવી : ચર્ચમાં પ્રભુ પ્રાર્થના કિર્તન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૫

પ્રાંતિજ ખાતે દર વર્ષે ની જેમ આ વર્ષે પણ નાતાલની ઉજવણી ધામધુમથી કરવામાં આવી રહી છે રાત્રે ૧૨ વાગ્યેભગવાન ઈશુના જન્મ બાદ લોકો એ પ્રેયર કરી ભગવાન ના જન્મ વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી અને એકબીજા ને ક્રિસમસ ની શુભેચ્છા પાઠવી હતી.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ આઈપીમિશન કે જે હાલ નવજીવન દ્વાર તરીકે ઓળખાય છે અને ત્યાં રહેતા ખ્રિસ્તી સમુદાય ના લોકો દ્વારા પ્રભુ ઈશુ ના જન્મ દિવસ ની ઉજવણી પ્રસંગે પ્રભુ કિર્તન અને આઈપી મિશનના વિધાર્થીઓ તેમજ સંચાલકો દ્વારા ચર્ચમાં એકત્રિત થઈને એકબીજા ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો પ્રાથના સભા નું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સોવકોઈ પ્રભુ ઈશુ ના સંદેશ ની સાથે ક્રિસમસ નો ઉત્સાહ પૂર્વક આનંદ માણ્યો હતો તો પ્રાંતિજ-તલોદ ના ફાધર રેવ. પ્રકાશ કલાશવા દ્વારા પ્રભુ વિષે નું માર્ગદર્શન પુરૂ પાડયું હતું અને પ્રભુ ના જન્મ વિષય સહિત ની વિસ્તુત જાણકારી આપી તો પ્રાંતિજ આઈપી મિશન ખાતે ચર્ચ સહિત આખુ આઈપીમિશન ને રંગબેરંગી રોશનીઓથી અને સ્ટાર્સ બનાવી શણગાર વામા આવ્યું હતું અને પ્રભુ ભગવાન ઈશુ ના જન્મ ની યાદ તાજી કરે એવા અહેસાસ દ્વારા ભગવાન ઈશુ ના જન્મ ની ઉમંગ ભેર ઉજવણી કરવામાં આવી હતી તો પ્રાંતિજ સહિત આજુબાજુમાં રહેતા ખ્રિસ્તી ધર્મ ના લોકો મોટી સંખ્યામાં પ્રાંતિજ આઈપીમિશન ખાતે ઉપસ્થિત રહી ને ભગવાન ઈશુ ના જન્મ દિવસ ની ખુબજ શ્રધ્ધા પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મામાં જનરલ હોસ્પિટલમાં ત્રણ વર્ષથી ૩૪ જગ્યાઓ ખાલી

ખાલી જગ્યાઓની સત્વરે ભરવાની માગ : દર્દીઓને હિમતનગર રિફર કરવાનો સિલસિલો યથાવત

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં અગત્યની ૯ જગ્યાઓ સાથે ૩૪ જગ્યાઓ ખાલી હોવાથી આદિવાસી ગરીબ પ્રજાને હાલાકી ભોગવવી પડે છે. અહી અકસ્માતથી ઈજાગ્રસ્ત દર્દીઓને સામાન્ય પાટાપિંડી કરી હીમતનગર રિફર કરવામાં આવે છે. આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે તેવી તાલુકામાં માંગ ઉઠવા પામી છે.

ખાલી જગ્યાઓ
- મનોરોગ ચિકિત્સક વર્ગ ૧
- પેડિયાટ્રીશિયન વર્ગ ૧
- ડરમેટોલોજિસ્ટ વર્ગ ૧
- ઓર્થોપેડિક વર્ગ ૧
- રેડિયોલોજિસ્ટ વર્ગ ૧
- નેત્ર સર્જન વર્ગ ૧
- એનેસ્થેટિસ્ટ વર્ગ ૧

ખેડબ્રહમાની જનરલ હોસ્પિટલ રૂ. ૧૦ કરોડના ખર્ચે ૧૫૦ પથારીની સુવિધા વાળું ચાર માલનું નવું બિલડિંગ બનાવામાં આવ્યા બાદ ઓગસ્ટ ૧૫ માં તત્કાલિન મુખ્ય મંત્રી આનંદીબેન પટેલ ધ્વારા ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આ નવીન બિલડિંગમાં ઈમરજન્સી ઓપરેશન, ડાયાલીસીસ સેંટર, કૉમ્યુનિટી હૉલ, લિફ્ટ તથા રેમ્પ ચઢાળૃ ની અધ્યતન સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. પણ આ લાખ્ખો રૂપિયા ના ખર્ચનો લાભ ખેડબ્રહ્માની જનતાને મળતો નથી કારણકે, હોસ્પીટલમાં પૂરતો સ્ટાફ ન હોવાથે સાધનોનો ઉપયોગ થતો નથી. અને ગરીબ આદિવાસી પ્રજાને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

આ હોસ્પીટલમાં પરસૂતિ માટે મોટી સંખ્યામાં મહિલાઓ દાખલ થાય છે. ઓપરેશનની જરૂર પડે ત્યારે એનેસ્થેટિસ્ટ બાહરથી બોલાવવો પડે છે. જે ડોકટરની ફી રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ હોય છે. જેથી ગરીબ દર્દીઓને ઘાટ કરતાં ઘડમાન મોઘું પડતું હોય છે. પીડિયાટ્રિશિયન અને ઓર્થોપેડિકની જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી છે. જેથે બાલ દર્દીઓને ફરિજિયાત ખાનગી દવાખાનાની મોઘી સારવાર લેવાની ફરજ પડે છે. જ્યારે ઓર્થોપેડિક ના અભાવે હીમતનગર રિફાર કરવાં આવે છે. ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના આર.એમ.ઑ ડો. પરિખ ના જણાવ્યા અનુસાર હોસ્પિટલની ખાલી જગ્યાઑ માટે સરકારમાં નિયમિત રિપોટ મોકલવામાં આવે છે.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખાતે ભાજપના કાર્યકરો દ્વારા કરાયું ફ્રુટ વિતરણ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા આજરોજ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેઈ જી ના જન્મદિવસ નિમિત્તે ખેડબ્રહ્મા શહેરમાં જનરલ હોસ્પિટલમાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ફ્રૂટ તેમજ બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું વિતરણ જેમાં શહેરના મોટાભાગના ભાજપના કાર્યકર્તાઓ જોડાયા હતા શહેર પ્રમુખ ભાજપના અરવિંદભાઈ ક્દ્દિૃક્ક્ષ વિશ્વ હિન્દુ પરિષદના બાબુભાઈ પરમાર તેમજ નગરપાલિકાના સદસ્ય તેમજ શહેરના તમામ બોર્ડના ભાજપના કાર્યકર્તાઓ મિત્રો હાજર રહ્યા હતા આ પ્રસંગે ખેડબ્રહ્મા તાલુકાના વિધાનસભાના પૂર્વ ધારાસભ્યશ્રી રમીલાબેન બારા ના હસ્તે ફ્રુટ તેમજ બિસ્કીટ નુ વિતરણ કરવામાં આવ્યો હતું.

મોડાસાની ભરબજારમાં જવેલર્સમાંથી ધોળે દિવસે ત્રણ સોનાની વીંટી ઉઠાવી જનાર બે ગઠિયાને દબોચતી ટાઉન પોલીસ

મોડાસા, તા. ૨૫

મોડાસા શહેરમાં ચોરી,ચેઈનસ્નેચીંગ અને લૂંટના ગુન્હા બે ખોફ થઈ આચરી રહ્યા છે વેપારીઓ અને શહેરીજનો ધોળા દિવસે પણ અસલામતી અનુભવી રહ્યા છે મોડાસા શહેરના ભરચક વિસ્તાર એવા મેઈન બજારમાં આવેલ રિદ્ધિ જ્વેલર્સ નામની દુકાનમાં ૧૫ દિવસ અગાઉ ધોળાદહાડે એક યુવક ગઠિયો વીંટી લેવાના બહાને પહોંચી વીંટી ખરીદવાની વાત કરતા ગોરધનભાઈ સોની નામના વેપારીએ વીંટી બતાવતા બે વીંટી જુદી જુદી આંગળી પર પહેરી કાઉન્ટર પર મુકેલી અન્ય એક સોનાની વીંટી ઉઠાવી ભરચક બજારમાં દોટ લગાવી થોડે દૂર તેના સાગરિતે ઉભી રાખેલી બાઈક પર બંને શખ્શો રફુચક્કર થતા વેપારી આબાદ લૂંટાયો હતો

રિદ્ધિ જ્વેલર્સના મલિક ગોરધન ભાઈ સોનીએ અગમ્ય કારણોસર લૂંટની ઘટના અંગે ૧૧ દિવસ પછી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૨૨ ડિસેમ્બરે વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે આજુબાજુમાં લાગેલ સીસીટીવી કેમેરાના આધારે બે ગાઠીયાઓને ૬૦ હજારના મુદ્દામાલ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

મોડાસાના મેઈન બજારમાંથી ધોળે દહાડે જ્વેલર્સ પાસેથી ત્રણ સોનાની વીંટી તફડાવી બે ગઠિયા બાઈક પર રફુચક્કર થઈ જતા ટાઉન પોલીસ હરકતમાં આવી હતી ટાઉન પી.આઈ રબારીના માર્ગદર્શન હેઠળ સર્વલન્સ ટીમે રિદ્ધિ જ્વેલર્સના આજુબાજુની દુકાનોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે અને બાતમીના સહારે મોડાસા હજીરા વિસ્તારમાંથી રાજેન્દ્રનગર તરફથી બાઈક લઈ આવી રહેલા ૧)નિર્મલસિંહ પરબતસિંહ ચૌહાણ અને ૨) ધવલ મનહરસિંહ ચૌહાણ (બંને રહે, નવા વડવાસા) ને દબોચી લઈ આગવી ઢબે પૂછપરછ કરતા બંને શખ્શોએ ગુન્હાની કબૂલાત કરી લઈ સોનાની ચોરેલી વીંટીઓ અને બાઈક મળી કુલ.રૂ.૬૦૬૨૦/- નો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા ઔધોગિક તાલીમ સંસ્થાના વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા આયોજન

મોડાસા, તા. ૨૫

યુવાનીની શરુઆતમાં જો શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહે તો યુવા સાચા માર્ગે વળી શકશે. ઔધોગિક તાલીમ સંસ્થાના વિદ્યાર્થીઓ વાસ્તવમાં યુવાનીના પગરવ માંડતા જેટલી ઉંમરે પહોંચ્યા હોય છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વિચાર ક્રાંતિ અભિયાન અંતર્ગત તાજેતરમાં મોડાસાની ઔધોગિક તાલીમ સંસ્થાના વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે તથા તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા હેતુથી ગાયત્રી ચેતના કેન્દ્ર મોડાસા દ્વારા એક વિશેષ પ્રેજન્ટેશન સાથે કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૫૦ તાલીમાર્થીઓએ લાભ લીધો હતો. પછીના બીજા સત્રમાં મહિલા આઈટીઆઈની આશરે ૨૩૦ બહેનોને પણ નારી અસ્મિતા જાગરણ વિશે સંબોધવામાં આવી હતી. આ બંને કાર્યક્રમોમાં આ સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ગાયત્રી પરિવાર યુવા સંગઠનના પ્રખર વક્તા શ્રી પ્રવીણભાઈ પંચાલે ઉપસ્થિત રહી પોતાની રોચક શૈલીમાં સૌને માર્ગદર્શન આપી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. ગાયત્રી પરિવારના સ્થાનિક સદસ્યો સર્વશ્રી સોમાભાઈ બારોટ, અમૃતભાઈ પટેલ તથા હરેશભાઈ કંસારાએ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ કર્યો હતો.

સાબર દાણ ખાધા પછી ૬ દુધાળા પશુઓના મોતનો આક્ષેપ

મોડાસા, તા. ૨૫

ખેડા જીલ્લામાં ચરમ દાણ ખાવાથી પશુઓના મોત નિપજ્યા હોવાના આક્ષેપ પશુપાલકોએ કરી અમુલડેરી સામે ઉગ્ર વિરોધ નોંધાવવાની શાહી સુકાઈ નથી ત્યારે અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના છભૌ ગામે સાબર દાણ ખાધા પછી દાણની ઝેરી અસરથી ૬ દુધાળા પશુઓ ટપોટપ મોતને ભેટ્યા હોવાનો પશુપાલકોએ કરતા ભારે ચકચાર મચી છે પશુ ચિકિત્સકોની ટિમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પશુઓના મોત નું સાચું કારણ શોધવા પીએમ કરાવવા તજવીજ હાથધરી સર્વેની કામગીરી હાથધરી હતી. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં પશુપાલનનો વ્યવસાય ફૂલ્યોફાલ્યો છે બંને જીલ્લામાં પશુઓ માટે મોટા ભાગનું દાણ સાબરડેરી દ્વારા વિતરણ કરવામાં આવે છે ત્યારે આ દાણ જવાબદારો દ્વારા યોગ્ય ચકાસણી કર્યા વગર જ દૂધ દૂધમંડળીઓમાં પહોંચતું કરવામાં આવતી હોવાની બૂમો અનેકવાર ઉઠી છે અગાઉ પણ બાયડના રડોદારા ગામે ૩ પશુઓનું સાબર દાણ ખાવાથી મોત નીપજ્યું હતું બંને જીલ્લામાં પશુપાલકો સાબર દાણ ખાવાથી પશુઓ બીમારીમાં પટકાયા હોવાની અને સાબર દાણ કાચું અને ભૂકો નીકળવાની બૂમો સમયાંતરે ઉઠી છે સાબર દાણની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ કરવામાં આવે અને ખામીયુક્ત સાબર દાણ ખાવાથી પશુઓની જાનહાની થાય તો જવાબદારી કોની...? પ્રાપ્ત માહિતી મુજબ તાલુકાના છભૌ ગામે પશુપાલકોએ તેમના દુધાળા પશુઓને આહારમાં સાબર દાણ ખવડાવ્યા પછી ૬ પશુઓને ઝેરી ખોરાકી અસર થતા પશુઓ તડફડી ખાઈ મોતને ભેટતા પશુપાલકોમાં સન્નાટો વ્યાપો હતો તાત્કાલિક સાબરડેરીના સત્તાવાળાઓને જાણ કરવામાં આવતા પશુ ચિકિત્સકોની ટિમ છભૌ ગામે દોડી આવ્યા હતા અને અન્ય સાબર દાણ ખાનાર પશુઓને સારવાર આપી હતી સાબર દાણ પશુઓ માટે જીવલેણ સાબિત થતા પશુપાલકોમાં પ્રચંડ રોષ ફાટી નીકળ્યો છે.

ભિલોડામાં તસ્કરરાજથી વેપારીઓ અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી

વધુ ૬ દુકાનોમાં તસ્કરો ત્રાટકી ભિલોડા પોલીસનું નાક વાઢ્યું

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ગેંગ અને તસ્કર ટોળકીના આતંક થી પ્રજાજનો ભયભીત બન્યા છે ભિલોડા નગરમાં તસ્કરો સતત ચોરી લૂંટની ઘટનાને અંજામ આપતા ભિલોડા પોલીસની કામગીરીથી વેપારીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે એક મહિનાના ટૂંકા ગાળામાં ૨૦ જેટલી દુકાનો અને મકાનોમાં તસ્કરો બિન્દાસ્ત ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે ભિલોડાના તાલુકા પંચાયતના શોપિંગ સેન્ટરમાં આવેલી ૬ દુકાનોમાં તસકારો ત્રાટકી હાથફેરો કરતા શોપિંગ સેન્ટરમાં મોટી સંખ્યામાં વેપારીઓ એકઠા થયા હતા પોલીસ કાફલો તપાસ અર્થે પહોંચતા વેપારીઓ અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી વેપારીઓએ રોષ ઠાલવ્યો હતો

ભિલોડા નગરમાં પોલીસતંત્રનું અસ્તિત્વ જ હોય તેમ છાસવારે ચોરી લૂંટની ઘટનાઓ બની રહી છે ભિલોડાના વેપારીઓ અને લોકો રાત્રે ઉજગરા કરવા પડે તેવી નોબત આવી છે ચોરી લૂંટની ઘટનાના સીસીટીવી કેમેરા ફૂટેજ આપવા છતાં તસ્કર ગેંગ પોલીસ પકડથી દૂર રહેતા પોલીસતંત્રનો પનો ટૂંકો પડી રહ્યો હોવાનું પ્રજાજનો અનુભવી રહ્યા છે તાલુકા પંચાયત શોપિંગ સેન્ટરમાં થયેલી ઘરફોડ ચોરીના દ્રશ્યો આબાદ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા.

ભિલોડા તાલુકા પંચાયત શોપિંગ સેન્ટરમાં આવેલી ભિલોડા તાલુકા પ્રાથમિક શિક્ષણ અને ધિરાણ સહકાર મંડળી લી. ઓફિસના શટરના તાળા તોડી ઓફિસમાં રહેલા રૂ.૭૦૨૦૦/- તથા ગણેશ ટ્રેડર્સ દુકાનમાંથી ૪૬ હજાર અને અન્ય ૪ દુકાનોના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા વેપારીઓમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે ભિલોડા પોલીસે કિશોરભાઈ સળુજી નિનામા ની ફરિયાદના આધારે ચોર અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુન્હો નોંધી ચોર લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતે 'સુશાસન દિવસ'ની ઉજવણી કરાઈ

મહેસાણા, તા.૨૫

દેશના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ નિમિત્તે વિજાપુર ખાતે યોજાયેલ "સુશાસન દિવસ"ની ઉજવણી સમારોહમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારે હમેશાં ખેડુતોના હિત માટે પ્રતિબધ્ધતા દર્શાવી છે અને સુશાસન થકી જનકલ્યાણ માટે સરકારે તત્પરતા બતાવી છે.સુશાસન દ્વારા પ્રજાજનોની આશાઓ અને અપેક્ષાઓ પરીપુર્ણ કરવા સરકાર કટિબધ્ધ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે ઉમેર્યું હતું.કે, રાજય સરકારની સંવેદનશીલતાથી આજે ખેડુતોને સીધો ફાયદો થયો છે.રાજયના ખેડુતોને કુદરતી આપત્તિ વેળાએ સહાયરૂપ થવાનો સનિષ્ઠ પ્રયાસ સરકાર દ્વારા કરાયો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, અટલજીએ અનેક કવિતાઓ દ્વારા ભારત માતાને ગૌરવ અપાવ્યું છે. આજે અટલજીના જન્મ દિવસ નિમિત્તે રાજયના ખેડુતોને કૃષિ ઈનપુટની સીધી સહાય આપવાની શરૂઆત કરાઈ છે. રાજયના ૫૬.૩૬ લાખ ખેડુત ખાતેદારોને રૂ.૩૭૯૫ કરોડની સહાય મળનાર છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ધરતીપુત્રો રાજયના વિકાસના પાયામાં મહત્વની ભૂમિકા અદા કરવામાં અને વિકાસની ગતિને તેજ બનાવવામાં અમૂલ્ય યોગદાન છે. રાજયના ખેડુતો માટે રાજય સરકારે ખેત અકસ્માત વિમાની શરૂઆત કરી અને આવા ખેડુતોના પરીવારને કપરા સમયમાં રાહત મળે તે માટે ખેત અકસ્માત વિમામાં રૂ. બે લાખ સહાય આપવાની જોગવાઈ કરાઈ છે.

પટેલે જણાવ્યું હતું કે રાજય સરકારે અનેક કૃષિ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે.સુઝલામ સુફલામ,નર્મદા યોજના,સૌની યોજના,તળાવો ભરવા જેવી સિંચાઈ યોજનાઓ થકી ખેડુતો સમૃધ્ધ થયા છે.